ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત જુદી-જુદી શાળાઓ માટે આચાર્ય/ શિક્ષકોની જગ્યા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:-ઇ.એમ.આર.એસ-૧૦૨૦૧૬-૧૦૭૭-ઘ**
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૧૨/૨૦૧૬

વંચાણે લીધા:- ૧. શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ બમશ /૧૧૦૯ /ઓડી /૦૮/ગ

૨. શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ /૧૩૧૦/૧૨૦૧/ગ

૩. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ ટીડીસી /૧૦૨૦૧૩/ન.બા.૨૦/ઘ

૪. શિક્ષણ વિભાગનો તા.૧૭/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ઉમશ /૧૧૧૫ /૧૨૧/ગ.૧

૫. શિક્ષણ વિભાગનો તા.૧૭/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ઉમશ /૧૧૦૬ /૨૧૩૮/ગ.૧

૬. શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ રમશ /૧૮૧૫ /૧૧ /ગ.૧

૭. શિક્ષણ વિભાગનો તા.૨૨/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ રમશ /૧૮૧૬ /૦૪ /ગ.૧

૮. ઇ.એમ.આર.એસ.નો તા.૦૮/૦૯/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ ટીડી/ ઇએમઆરએસ /૧૮૧૯

૯. ઇ.એમ.આર.એસ.નો તા.૧૨/૦૯/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ ટીડી /ઇએમઆરએસ /૨૦૧૬/૧૮૨૩

**પ્રસ્તાવના:-**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા, રાજ્યના અંતરીયાળ વિસ્તારોમાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને કેન્દ્રીય વિદ્યાલય અને જવાહર નવોદય વિદ્યાલયના ધોરણે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ સમકક્ષ હરિફાઇ કરી શકે તે પ્રકારનું આવાસીય સુવિધાઓ સહિતનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ભારત સરકારની ગાઇડલાઇન મુજબ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલો, કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ અને મોડેલ

શાળાઓ જેવી ૭૬ જેટલી શાળાઓ ચલાવવામાં આવે છે. આ જુદી જુદી શાળામાં હાલ ભારત સરકારની ગાઇડલાઇન અને સોસાયટીના એચ.આર. મેન્યુઅલ મુજબ ફિક્સ વેતનથી કરાર આધારીત આચાર્ય/શિક્ષકોની જગ્યાઓ ભરવામાં આવે છે.

ગુણવત્તા ધરાવતા શિક્ષકો દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ મળી રહે તે હેતુથી આ શાળાઓમાં ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગમાં ૪૨૮ શિક્ષકો અને ૭૨ મુખ્ય શિક્ષકની જગ્યાઓ, માધ્યમિક વિભાગમાં ૨૧૯ શિક્ષકો અને ૬૧ આચાર્યની જગ્યાઓ તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૮૯ શિક્ષકો અને ૧૫ આચાર્યની જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન ફિક્સ પગારની નીતિ અન્વયેના પગારધોરણમાં ઉભી કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૮) અને (૯) આગળના પત્રોથી સોસાયટીએ દરખાસ્ત રજુ કરેલ હતી. જે દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ:-</u>

1) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળાઓમાં નીચે મુજબની શૈક્ષણિક જગાઓ તેની સામે દર્શાવેલ સરકારશ્રીની હાલની ફિક્સ પગારની નીતિ અન્વયેના પગારધોરણમાં ઉભી કરવાની તથા ભરવાની મંજુરી આપવામાં આવે છે.

| અ.નં. | વિભાગ | ધોરણ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉચ્ચતર પ્રાથમિક વિભાગ | ૬ થી ૮ | શિક્ષકો | ૩૭૭ | પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂ! ૧૦,૦૦૦/- ફિક્સ (વિદ્યા સહાયક) ત્યારબાદ (પગાર ધોરણ રૂ! ૫૨૦૦ – ૨૦૨૦૦ – ગ્રેડ પે રૂ! ૨૪૦૦/-) |
| ૨ | માધ્યમિક વિભાગ | ૯ થી ૧૦ | આચાર્ય | ૬૧ | પગાર ધોરણ રૂ! ૯૩૦૦ – ૩૪૮૦૦ – ગ્રેડ પે રૂ! ૪૪૦૦/- |
| | | | શિક્ષકો | ૨૧૯ | પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂ! ૧૫૦૦૦/- ફિક્સ (શિક્ષણ સહાયક) ત્યારબાદ (પગાર ધોરણ રૂ! ૯૩૦૦ – ૩૪૮૦૦ – ગ્રેડ પે રૂ! ૪૨૦૦/-) |
| 3 | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | ૧૧ થી ૧૨ | આચાર્ય | ૧૫ | પગાર ધોરણ રૂ! ૯૩૦૦ – ૩૪૮૦૦ – ગ્રેડ પે રૂ! ૪૬૦૦/- |
| | | | શિક્ષકો | ૮૯ | પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂ! ૧૫૫૦૦/- ફિક્સ (શિક્ષણ સહાયક) ત્યારબાદ (પગાર ધોરણ રૂ! ૯૩૦૦ – ૩૪૮૦૦ – ગ્રેડ પે રૂ! ૪૪૦૦/-) |
| | | | કુલ | ૭૬૧ | |

2) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે - તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

3) આ યોજના અંતર્ગત ભારત સરકારનો હિસ્સો સમયસર મેળવી લેવાનો રહેશે. અને ભારત સરકારની ગાઈડલાઇન અને સોસાયટીના એચ.આર.મેન્યુઅલ ધ્યાને લઇ ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે. તેમજ તેના UTC, પ્રગતિ અહેવાલ નિયત પત્રકમાં અને નિયત સમયમાં ભારત સરકારને રજુ કરવાના રહેશે.

4) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ વર્ષના સુધારેલ અંદાજપત્રમાં તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

5) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

6) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

7) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

8) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

9) વર્ગ – ૨ ની જગ્યાઓ શિક્ષણ વિભાગના ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

10) આ જગ્યાઓ સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ પાંચ વર્ષના કરારના ધોરણે ફિક્સ પગારથી નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ (વિદ્યાસહાયક અને શિક્ષણસહાયક) અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇ પ્રમાણે ભરવાની રહેશે.

11) જે-તે જગ્યાઓના પગાર ધોરણો રિવિઝન ઓફ પે રૂલ્સ ૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી જી.એસ.ટી.ઇ.એસ., ગાંધીનગરની કચેરીની રહેશે.

12) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમીત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/03/૨૦૦૫ ઠરાવ ક્રમાંક નપન/૨૦૦3/જીઓઆઇ/૧૦(પા.ફ.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તારીખ ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

13) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ ભરતી વખતે બેકલોગની જગ્યાઓ હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

14) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે-તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

15) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ માટે માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર- ૨૨૨૫- અનુસુચિત જાતીઓ, અનુસુચિત આદિજાતીઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૨ માધ્યમિક શિક્ષણ, ગૌણ સદર- ૭૯૬ – આદિજાતી વિસ્તાર પેટા યોજના, ૮૯ વીકેવાય ૨૩૦, એકલવ્ય મોડેલ નીવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

ચાલુ વર્ષે આ અંગે બજેટ જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ સુધારેલા અંદાજો વખતે જરૂરી રકમની પુરક માંગણી રજુ કરી વિધાનસભાના ધ્યાને મુકવા અંગે જરૂરી કાર્યવાહી સોસાયટીએ કરવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૧૫/૧૧/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- <u>માન. ગુજરાતના રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)</u>
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ઇ.એસ., બિરસામુંડા ભવન, સેકટર -૧૦ (એ), ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતી વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર -૧૦ (એ), ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ.

D:\gh-3-\GH-2\HARESH SIR\EMRS-102016-1077-GH-GR.docx

- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ